૧૯૯૩

યુડીએ/એડીએમ/ /૨૦૧૭

તા.૯૩/૧૦/૨૦૧૭

વાંચ્યા :-

(૧) વુડાની માલીકીની મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફા.પ્લોટ નં.૧૨૬ ની ૯૫૦ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે જાહેર હરાજી અંગે તા.૩૧/૦૮/૨૦૧૭ ના રોજ મળેલ ટેન્ડર

(૨) ટેન્ડરર શ્રી અસરાની રાજેશ ધાલુમલ તથા અન્યએ તા.૦૮/૦૯/૨૦૧૭ ના રોજ આપેલ લેખિત સંમતિપત્ર

(૩) અત્રેની કચેરીની વુડા બોર્ડ બેઠક નં.૨૩૩ ના ઠરાવ ક્રમાક : ૨૪૪૮ માં ઠરાવ્યા મુજબ

(૪) અત્રેની કચેરીના પત્ર નં.યુડીએ/એડીએમ/૧૬૨૩/૨૦૧૭, તા.૧૬/૦૯/૨૦૧૭ ના પત્રની વિગતે કબજા હકકની ૧૦ % રકમ જમા બાબત.

હુકમ :-

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની માલીકીની મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફા.પ્લોટ નં.૧૨૬ ની ૯૫૦ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવાના કામે આમુખ-૧ ની વિગતે શ્રી અસરાની રાજેશ ધાલુમલ તથા અન્યએ તા.૩૧/૦૮/૨૦૧૭ ના રોજ ટેન્ડર ભરી રજુ કરેલ છે. તા.૦૮/૦૯/૨૦૧૭ ના રોજ અત્રેથી કરવામાં આવેલ ટેન્ડર કમ હરાજીમાં તેઓનું ટેન્ડર ગ્રાહય રાખી આમુખ-૪ માં જણાવેલ પત્રથી તેઓને તા.૧૬/૦૯/૨૦૧૭ થી જાણ કરવામાં આવેલ છે. જે પત્ર તેઓને તા.૨૦/૦૯/૨૦૧૭ ના રોજ મળેલ છે. આમુખ-૩ માં જણાવેલ બોર્ડ બેઠક નં.૨૩૩ ના ઠરાવ ક્રમાક : ૨૪૪૮ થી મંજુરી આપવામાં આવતા તેઓનુ ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. વધુમાં ટેન્ડરરે મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફા.પ્લોટ નં.૧૨૬ ની ૯૫૦ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે પ્રતિ ચો.મી.ના રૂા.૩૬,૮૫૦/- લેખે રૂા.૩,૫૦,૦૭,૫૦૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ પચાસ લાખ સાત હજાર પાંચસો પુરા) કબજા હકકની રકમ થાય છે. જે આમુખ-૨ ની વિગતે જમા કરાવવા સંમતી આપેલ છે.

ટેન્ડર ફોર્મની શરત નં.૮ મુજબ કુલ કબજા હકકની રકમના ૧૦% લેખે થતી રકમ રૂા.૩૫,૦૦,૭૫૦/-ટેન્ડરરે ફાળવણી પત્ર મળ્યા તા.૨૦/૦૯/૨૦૧૭ થી દિન-૧૦ સુધીમાં ભરવાની થાય છે પરંતુ નીચેની વિગતે ટેન્ડરરે કુલ રૂા.૪૬,૭૫,૧૦૦/- બેંક ઓફ બરોડા, કારેલીબાગ શાખામાં, જમા કરાવેલ છે જે ભરવાપાત્ર ૧૦ % રકમ કરતા વધુ રકમ છે.

| અ.નં. | જમા કરાવેલ રકમ | ચલણ નંબર | તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | રૂા.૩,૫૦,૧૦૦/- | ૪૬૪૨ | ૧૪/૦૯/૧૭ | ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવેલ ૧ % લેખે બાનાની રકમ |
| ૨ | રૂા.૫,૦૦,૦૦૦/- | ૫૦૪૯ | ૩/૧૦/૧૭ | |
| ૩ | રૂા.૮,૨૫,૦૦૦/- | ૫૦૪૮ | ૩/૧૦/૧૭ | |
| ૪ | રૂા.૩૦,૦૦,૦૦૦/- | ૫૦૪૭ | ૪/૧૦/૧૭ | |
| કુલ | રૂા.૪૬,૭૫,૧૦૦/- (અંકે રૂપિયા છેતાળી લાખ પચ્યોતેર હજાર એક સો પુરા) | | | |

આમ, ઉપરોકત વિગતે મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં.૪ ના ફા.પ્લોટ નં.૧૨૬ ની ૯૫૦ ચો.મી. જમીન રહેણાંકના હેતુ માટે નીચેની શરતોએ શ્રી અસરાની રાજેશ ધાલુમલ તથા અન્યને ફાળવવા આથી વિગતવાર ફાળવણી હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> :-

૧. ટેનડરફોર્મની શરત નં.૮ મુજબ પ્લોટની મહત્તમ બોલી પ્રમાણેની કુલ કબજા હકકની રકમના ૪૦% રકમ ફાળવણી પત્ર મળ્યા એટલે કે તા.૨૦/૯/૨૦૧૭ થી ૯૦-દિવસમાં જમા કરાવવાના રહેશે.

૨. ટેન્ડરફોર્મની શરત નં.૮ મુજબ પ્લોટની મહત્તમ બોલી પ્રમાણેની કુલ કબજા હકકની બાકી પડતી ૫૦ % રકમ પૈકી ૧ % ઇ.એમ.ડી.ની રકમ બાદ કરી ફાળવણી પત્ર મળ્યા એટલે કે તા.૨૦/૯/૨૦૧૭ થી૧૮૦-દિવસમાં જમા કરાવવાના રહેશે.

૩. ઉપરોકત શરત નં.૧ અને ૨ માં જણાવ્યા મુજબ મુદતમાં કબજા હકકની રકમ જમા ન થયેથી ટેન્ડરની શરત નં.૮ મુજબ બાકી રહેતી રકમ પર ૧૫% લેખે દંડનીય વ્યાજ ભરપાઇ કરવાનું રહેશે. પરંતુ મુદતબાદ નાણા ભરવા અત્રેથી મંજુરી મેળવવાની રહેશે.

૪. કબજા હકકની પુરેપુરી રકમ ભરપાઇ થયેથી સદર પ્લોટનો કબજો સુપ્રત કરવામાં આવશે.

૫. જમીન જે હેતુ માટે વેચાણ આપવામાં આવે છે તે જ હેતુ માટે તેનો ઉપયોગ કરવાનો રહેશે. હેતુફેરના પ્રસંગે અત્રેથી પ્રથમ પરવાનગી મેળવવાની રહેશે.

૬. સવાલવાળી જમીન વુડાની હદમાં આવતી હોઇ પ્રવર્તમાન કાયદા નિયમો હેઠળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની પરવાનગી મેળવી લેવાની રહેશે.

૭. વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરવાના પ્રસંગે વેચાણ અન્વયેની સ્ટેમ્પ ડયુટી,લખાઇ ફી, રજીસ્ટ્રેશન ફી તથા ઇતર ભરવાપાત્ર જે રકમ થાય તે રકમ ભરવાની જમીન ખરીદનારની રહેશે.

૮. જે બાંધકામ કરવામાં આવે તે રાજયરેખા નિયમ અને બાંધકામ નિયમને આધીન રાખી કરવું પડશે અને આ અંગે જે તે અધિકારીની પરવાનગી લેવાપાત્ર હશે તે લીધા બાદ જ બાંધકામ શરૂ કરવાનું રહેશે.

૯. જમીન વેચાણ રાખ્યા બાદ સદર જમીન અંગે તમામ કાયદાઓ અન્વયે ભરવાના થતા વેરા, ટેક્ષ, લાગો વિગેરે વેચાણ રાખનારે ભરવાના રહેશે.

૧૦. જમીન વેચાણ દસ્તાવેજમાં જણાવવામાં આવેલ શરતોનું અમલ કરવાનું રહેશે.

૧૧. ટેન્ડર ફોર્મમાં જણાવેલી તમામ વિગતો તથા શરતો બંધનકર્તા રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

DEVELOPMENT AUTHORITY VADODARA

પ્રતિ,
શ્રી અસરાની રાજેશ ધાલુમલ તથા અન્ય
બી/૨૯, સેન્ટ્રલ ગર્વમેન્ટ કો.ઓ.હાઉસીંગ સોસાયટી,
સમા, વડોદરા

<u>નકલ રવાના</u> :

(૧) હિસાબી શાખા તરફ જરૂરી કાર્યવાહી થવા સારૂ.

(૨) ટેકનિકલ શાખા તરફ જાણ સારૂ.

ફક્ત સરકારી કામકાજ માટે.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

PART PLAN OF T.P.SCHEME BHAYLI NO. 4
SANCTIONED DRAFT-~~PRELEMINERY~~-FINAL

BL. NO.

SUR. NO.

OP. NO.

FP. NO. 126

NO. UDA / DEV.

DATE:-

AREA IN.
SQ. MTS. 950.00

N

Scale : 1 Cm. = 4 Mt.

